<u>અમદાવાદ ના મે.એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબ કોર્ટ નં ૧૦</u>

ફો. કેસ નં. ૧૧૦૪૩/૧૯

તમાકુ અધિનિયમ કલમ :૭(૨) ,૨૦ અન્વયે આરોપીની ગુના કબુલાતની અરજી આંક ૧ ની ચેનો હુકમ:

(૧) ચાર્જશીટ તથા સાથેના પેપર્સ , આરોપીની ગુનાની કબુલાત વંચાણે લીધી આરોપી /આરોપીઓ ના વ.શ્રી ને સાંભળ્યા આરોપી સામે તમાકુ અધિનિયમ ૭(૨)(૨૦) મુજબના ગુના નું તહોમત આ અદાલત માં રજુ કરવામાં આવ્યું છે આજરોજ આરોપી જાતે કોર્ટ માં હાજર તેની સામેના ગુનાનો સ્વીકાર કરી તે મતલબની પુરસીસ આપી છે વધુમાં આરોપી તરફે રજુઆત કરવામાં આવે છે કે તેની સામેનો આ પ્રથમ ગુનો છે અને અજાણતાથી ઈરાદા વગર ગુનો થયો છે તેના પર તેના કુંટુંબના ભરણપોષણ ની જવાબદારી છે. જેથી તેની પર દયા રાખી ઓછી રકમનો દંડ કરવા રજુઆત કરી છે.
(૨) આરોપી એ આજરોજ સ્વૈચ્છાએ ગુના કબુલાત ની પુરસીસ આપી છે આરોપી વિરુધ્ધના ગુન્હાની હકીકત વંચાણે લેતા આરોપી એ પોતાના કબજાની દુકાન ઉપર આવતા જતા ગ્રહકો ને સ્વાથિ ને નુકસાન થાય તે રીતે સીગારેટ રાખવા બદલ નો આરોપી છે આ તબકકે દયાન લેવું જરૂરી છે કયારેક આરોપીઓ ન્યાયીક કાર્યવાહી માં થતી વિલંબથી પોતાને થતી હેરાનગતિ તથા નાણાંકીય વ્યય માંથી બચવા માટે પણ આરોપીઓ ગુનાની કબુલાત કરતા હોય છે કાયદામાં ઠરાવેલી નિયત સજા કરવામાં આવે અને આરોપી ને જેલમાં મોકલવામાં આવે તો શકય છે કે આરોપી જેલમાંના અઢંગ અને રીઢા ગુનેગારો ની સોબત માં આવી જાય અને પરીણામે તે પણ તેમના જેવા ગુનેગાર બની જાય ફોજદારી ન્યાયશાસનના સિધ્ધાંત મુજબ આ પ્ર માણે ની સ્થિતિનું સર્જન ન થાય તેવી તકેદારી રાખવી તે પણ આ તબકકે જોવું જોઈએ. તેમ મારું માવું છે આરોપી ઓનો આ પ્રથમવારનો ગુનો અજાણતાથી થયો છે અને તે બદલ તેને પસ્તાવો થયો છે આરોપી ને કેદની સજા માં દયા રાખી ઓછી સજા કરવામાં આવે તો પણ ન્યાયનો હેતુ જળવાય તેમ છે આરોપી સામેનો ગુનો કાયદામાં ઠરાવેલી સજા ગુનાની ગંભીરતા તથા તેની આર્થિક સામાજિક પરિસ્થિતિને તથા તેના કુટુંબની જવાબદારી ને દયાને લેતા આરોપી ને હળવી સજા કરવામાં આવે તો ન્યાયના હેતુ જળવાય તેમ છે જેથી ન્યાયના હીતમાં નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

-:હુકમ:-

(૧) દરેક આરોપી ને તમાકુ અધિનિયમ કલમ ૭(૨),૨૦ મુજબના ગુનામાં રૂ. ૫૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા ) દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ના ભરે તો દીન ૫ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૪ મી ડીસેમ્બર સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો

અમદાવાદ
તા.૧૪/૧૨/૨૦૧૯

એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં ૧૦ અમદાવાદ